Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :25• Date : 09-11-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

# છત્તીસગઢમાં નક્સલીઓના સૈનિકો પર હુમલા



રાયપુર,

છત્તીસગઢ વિધાનસભા ચૂંટણીનું આજે પ્રથમ તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે, ત્યારે રાજ્યમાં આજે ઘણી જગ્યાઓએ નક્સલીઓ સૈનિકો પર હુમલા કર્યા છે, તો આઈઈડીબ્લાસ્ટ પણ કરવામાં આવ્યો છે. નક્સલીઓ સતત મતદાનમાં અવરોધો ઉભા કરવાના પ્રયાસો કરી રહ્યા છે, ત્યારે સુકમામાં સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે અથડામણ થઈ હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ અથડામણમાં ઘણા જવાનો ઈજાગ્રસ્ત થયા હોવાની માહિતી મળી છે. નક્સલીઓએ આજે બાંદા, કોટા, ઓરછા, કાંકેર સહિતના વિસ્તારોમાં પણ પોલીસ સાથે અથડામણ કરી હતી. નક્સલીઓએ આજે બાંદા મતદાન કેન્દ્રમાં પણ મતદાનમાં અવરોધ ઉભો કરવાનો પ્રયાસ કર્યો હતો અને ૨ કિલોમીટર દુર ડીઆરજી જવાનો પર ફાયરિંગ કર્યુ હતું. તો સુકમાના કોટા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નક્સલીઓ-પોલીસ વચ્ચે ફાયરિંગ થયું હતું. મતદાન દરમિયાન ઓરછાના તાદુરના જંગલોમાં પણ એસટીએફ અને માઓવાદીઓ વચ્ચે ગોળીબાર થયો હતો.

આ ઘટના અગાઉ કાંકેરના બાંદે વિસ્તારમાં નક્સલવાદીઓ સાથે અથડામણ બાદ સુરક્ષા દળોએ એકે-૪૭ કબજે કરી છે. કેટલાક નક્સલવાદીઓના મોત અથવા ઈજાગ્રસ્ત થયા હોવાના પણ અહેવાલો છે. બાંદે પોલીસ સ્ટેશન વિસ્તારમાં લગભગ ૧ વાગ્યે પનાવર પાસે ડીઆરજી અને નક્સલવાદીઓ સાથે અથડામણ થઈ હતી. ઘટના સ્થળેથી એકે-૪૭ મળી આવી છે. વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. કાંકેરમાં પણ પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે લગભગ અડધો કલાક સુધી અથડામણ પણ થઈ હતી. મતદાન કરાવવા ગયેલા બીએસએફ અને બસ્તર ફાઈટરના જવાનોની નક્સલવાદીઓએ અથડામણ થઈ હતી. તો માડપખાંજૂર અને ઉલિયાના જંગલોમાં એન્કાઉન્ટર થયું હોવાના અહેવાલો છે. આ મામલો બાંદે પોલીસ સ્ટેશનના માડપખાંજૂરનો છે. માડપખાંજૂર એએસપીએ આ વાતની પુષ્ટિ કરી છે. નારાયણપુર જિલ્લાના ઓરછા પોલીસ સ્ટેશનના તાદુર જંગલમાં એસટીએફઅને માઓવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. એસટીએફને જોઈ નક્સલવાદીઓ જંગલમાં ભાગી ગયા હતા. તમામ સૈનિકો સુરક્ષિત છે. વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. સુકમાના કોંટા પોલીસ સ્ટેશન વિસ્તારના બાંદામાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે ગોળીબાર થયો હોવાની માહિતી મળી છે. દૂરમા અને સિંગારામના જંગલોમાં નક્સલવાદીઓએ બેરલ ગ્રેનેડ લોન્ચર્સી હુમલો કર્યો હોવાના અહેવાલો મળ્યા છે. નક્સલવાદીઓ મતદારોને રોકવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં સીઆરપીએફ અને ડીઆરજીની ટીમો તૈનાત છે. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.સુકમામાં બાંદા મતદાન મથકથી લગભગ બે કિલોમીટર દૂર તૈનાત ડીઆરજી સૈનિકો પર નક્સલવાદીઓએ ગોળીબાર કર્યો હતો. સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી હતી. સુકમા પોલીસે જણાવ્યું કે ૧૦ મિનિટ બાદ નક્સલવાદીઓ તરફથી ગોળીબાર બંધ થઈ ગયો છે. તમામ સૈનિકો સુરક્ષિત છે અને મતદાન ચાલી રહ્યું છે.સુકમા જિલ્લામાં મતદાન દરમિયાન એક મોટી ઘટના બની હતી. અહીં આઈઈડીબ્લાસ્ટને કારણે એક સૈનિક ઈજાગ્રસ્ત થયો છે, જેને સારવાર માટે કેમ્પમાં લઈ જવાયો છે. આપને જણાવી દઈએ કે મંગળવારે સવારે ૭ વાગ્યાથી બસ્તર સહિત રાજ્યની ૨૦ સીટો માટે મતદાન થઈ રહ્યું છે. મંગળવારે સવારે સુકમામાં નક્સલીઓએ આઈઈડીબ્લાસ્ટ કર્યો હતો.

### સુરક્ષા કર્મચારીનું મોત; વીડિયો આવ્યો સામે

# યુદ્ધ વચ્ચે પેલેસ્ટાઈનનાં પ્રમુખની હત્યાનો પ્રયાસ



જેરૂસાલેમ,

પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસના કાફલા પર હુમલાના સમાચાર છે. આ હુમલામાં એક સુરક્ષાકર્મીનું મોત થયું છે. એવું માનવામાં આવે છે કે પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિની હત્યાના પ્રયાસમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે.

ઈઝરાયેલ ગાઝા પટ્ટી પર સતત હુમલા કરી રહ્યું છે. આ હુમલામાં અત્યાર સુધીમાં ૧૦ હજારથી વધુ લોકોના મોત થયા છે. તુર્કી મીડિયા અનુસાર, આ હુમલાની જવાબદારી સન્સ ઓફ અબુ જંદાલ નામના સંગઠને લીધી છે. હુમલા પહેલા રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસને ઈઝરાયેલ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની ધમકી મળી હતી. પરંતુ જ્યારે અબ્બાસે તેમ ન કર્યું તો સંગઠને પેલેસ્ટિનિયન રાષ્ટ્રપતિને નિશાન બનાવીને હુમલો કર્યો. જેમાં તેમના એક સુરક્ષાકર્મીનું મોત થયું છે. તાજેતરમાં, 'અબુ જંદાલના પુત્રો'એ એક ધમકીમાં કહ્યું હતું કે, "હવે ગાઝા પટ્ટીમાં (ઇઝરાયલી) કબજાના નરસંહાર વિશે વધુ કહેવાનો સમય નથી. ગાઝામાં થયેલા રક્તપાત વિશે કહેવા માટે કંઈ બાકી નથી. ગાઝામાં અમારા બાળકો અને અમારી મહિલાઓની હત્યા કરવામાં આવી રહી છે. હવે વાત કરવા માટે કંઈ નથી કારણ કે પશ્ચિમ કાંઠે અમારા યુવાનોની હત્યા કરવામાં આવી રહી છે." સંગઠને મહમૂદ અબ્બાસને ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપ્યું હતું.

# બિહારમાં જાતિ-જન-ગણનામાં ભારે ગરબડ થઈ: અમિત શાહ

મુઝફ્ફરનગર,

બિહારમાં જાતિ-જન-ગણના પર હજીએ રાજકારણ ખેલાઈ રહ્યું છે. રવિવારે સાંજે મુઝફ્ફરનગર જિલ્લામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જાતિ-જન-ગણનામાં ભારે ગડબડ થઈ હોવાની વાત કરી, અને નીતીશકુમાર સરકાર પર હુમલો કર્યો. તેઓએ કહ્યું કે તેઓ લાલુપ્રસાદ યાદવનાં દબાણમાં ઝુકી જઈ તુષ્ટીકરણ તરફ વળી રહ્યાં છે. આ અંગે બિહારના ઉપ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે ઉગ્ર પ્રતિભાવો આપ્યા હતા.

વાસ્તવમાં અમિત શાહે કહ્યું હતું કે બિહારમાં જાતિ-જન-ગણનામાં જાણી જોઈને મુસ્લીમો અને યાદવોની વસ્તી વધારે દેખાડવાનો પ્રયત્ન કરાયો છે. આ સાથે તે રેલીમાં કરેલા સંબોધનમાં કહ્યું હતું કે નીતીશકુમાર પોતાના સાથી લાલુપ્રસાદના દબાણમાં આવી ઝૂકી ગયા હતા. લાલુપ્રસાદ યાદવની પાર્ટી રાષ્ટ્રીય જનતા દળ મુખ્યતઃ મુસ્લીમ મતદાતાઓ પર જ વિશ્વાસ રાખે છે.બિહારના ઉપ મુખ્યમંત્રી અને લાલુપ્રસાદ યાદવના પુત્ર તેજસ્વી યાદવ તેથી ભડકી ઉઠયા. તેમણે કહ્યું કે 'જો બિહારના તે વિષેના આંકડા ખોટા હોય તો કેન્દ્ર સરકાર સમગ્ર દેશના અને તમામ રાજ્યોના જન-જાતિ-ગણનાના આંકડા જાહેર કેમ નથી કરતા?' ભાજપ શાસિત રાજ્યોમાં ભાજપ જાતિગત ગણના શું કામ નથી કરાવતી ? કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આક્ષેપ કર્યો હતો કે મુસ્લીમ અને યાદવ સમુદાયની વસ્તીને વધારે દર્શાવી અતિ પછાત અને પછાત વર્ગો સાથે અન્યાય કરવાનું કામ કર્યું છે.

## તંત્રી લેખ

# વિપક્ષી ગઠબંધનમાં ખેંચતાણ

વિપક્ષી ગઠબંધનમાં બધું જ સમુસૂતરું નથી ચાલી રહ્યું એના સંકેત હવે વધુ સ્પષ્ટ દેખાવા લાગ્યા છે. ગત દિવસે જ સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે કોંગ્રેસ અને ભાજપને એક જેવા ગણાવી દીધા! તેઓ એનાથી ગુસ્સે ભરાયા છે કે મધ્ય પ્રદેશમાં કોંગ્રેસ સપા સાથે મળીને ચૂંટણી લડવા તૈયાર નથી. તે પહેલાં પણ કોંગ્રેસના વલણને લઈને પોતાની નારાજગી વ્યક્ત કરી ચૂક્યા હતા, પરંતુ છતાં એવું લાગ્યું કે કોંગ્રેસ તેમને મનાવવા માંગે છે અને એ જ કારણે થોડા નરમ પડ્યા, પરંતુ હવે જ્યારે એ સ્પષ્ટ થઈ ગયું કે કોંગ્રેસ મધ્ય પ્રદેશમાં તેમને કોઈ મહત્ત્વ નથી આપવાની એટલે તેઓ ફરીથી હુમલા કરવા લાગ્યા છે. આ વખતે તેમણે કોંગ્રેસ પર આરોપ લગાવ્યો કે તેની વિચારધારા એવી જ છે, જેવી ભાજપની છે. તેમણે કોંગ્રેસ પર એવો આરોપ પણ લગાવ્યો કે તેણે જ આઝાદી બાદ જાતિગત ગણના ન થવા દીધી અને હવે તે તેની માંગ કરી રહી છે. સ્પષ્ટ છે કે તેઓ નથી ઇચ્છતા કે કોંગ્રેસ આ મુદ્દે લાભ લઈ જાય. અખિલેશ યાદવે એ પણ સ્પષ્ટ કરી દીધું કે હવે લોકસભા ચૂંટણીમાં જ એ જોવામાં આવશે કે સાથે મળીને ચૂંટણી લડવી સંભવ થઈ શકશે કે નહીં? તેઓ એમ પણ કહી ચૂક્યા છે કે ઉત્તર પ્રદેશમાં લોકસભા ચૂંટણી દરમ્યાન મળીને ચૂંટણી લડવાની સમજૂતી થાય છે તો સપા ૬૫ સીટો પર ચૂંટણી લડશે અને નહીં થાય તો તમામ ૮૦ સીટો પર. કોંગ્રેસના વલણથી માત્ર અખિલેશ યાદવ જ નારાજ નથી. થોડા દિવસ પહેલાં નીતિશ કુમારે પણ એમ કહીને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી કે ગઠબંધનમાં કોઈ કામ નથી થઈ રહ્યું અને કોંગ્રેસનું બધું ધ્યાન વિધાનસભા ચૂંટણીઓ પર છે. વિપક્ષી ગઠબંધનમાં બધું જ ઠીકઠાક નથી, એ વાત જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા પણ કહી ચૂક્યા છે અને એનસીપીના નેતા શરદ પવાર પણ.

જોકે કોંગ્રેસ ગઠબંધનની મુખ્ય ઘટક છે, પરંતુ તેના વલણથી એ સ્પષ્ટ છે કે તે પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં આ ગઠબંધનના ઘટક પક્ષોને કોઈ ભાવ આપવા તૈયાર નથી. તેની રણનીતિ એ છે કે જો તે રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, તેલંગણા અને મિઝોરમમાં બહેતર પ્રદર્શન કરે છે તો લોકસભા ચૂંટણીમાં ગઠબંધનના ઘટકો સાથે પોતાની શરતો પર સમજૂતી કરવામાં સક્ષમ થઈ શકશે. તે આ રણનીતિ પર એટલા માટે ચાલી રહી છે, કારણ કે કોંગ્રેસ લોકસભા ચૂંટણી ઓછામાં ઓછી સીટો પર લડે. કેટલાક ઘટક તો એ સૂચન આપી ચૂક્યા છે કે કોંગ્રેસે એ બસો-અઢીસો સીટો પર જ ચૂંટણી લડવી જોઈએ, જ્યાં તેનો ભાજપ સાથે સીધો મુકાબલો છે. આ જ રીતે કેટલાક ઘટક એવા પણ છે જે લોકસભા ચૂંટણીમાં પોતાના પ્રભાવવાળા રાજ્યોમાં કોંગ્રેસને કોઈ રાહત આપવા તૈયાર નથી. કોંગ્રેસ અને વિપક્ષી ગઠબંધનના ઘટકો એકબીજાને ઉતરતા આંકી રહ્યા છે તેથી આ ગઠબંધનની મુંબઈ બેઠક બાદ સમન્વયની દિશામાં આગળ વધવાને બદલે એક પ્રકારનો ગતિરોધ દેખાઈ રહ્યો છે. ના તો સંયુક્ત રેલીઓના પ્રસ્તાવ પર કોઈ વાત બની અને ના સીટોની વહેંચણીની દિશામાં કોઈ પહેલ થઈ શકી. ગઠબંધનના કોઈ સંયોજક પણ નક્કી ન થઈ શક્યા.

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને આઈએનડીઆઈએના ઘટકોમાં કોઈ તાલમેલના અણસાર એટલા માટે નથી, કારણ કે આમ આદમી પાર્ટીએ કોંગ્રેસ સાથે કોઈ વાત કર્યા વિના મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં પોતાના ઉમેદવાર ઉતારી દીધા. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસમાં તેને લઈને પણ કોઈ સમજણ સ્થપાતી નથી દેખાતી કે દિલ્હી અને પંજાબમાં કોણ કેટલી સીટો પર લોકસભા ચૂંટણી લડશે? વિપક્ષી ગઠબંધનના ઘટકો ભલે કોંગ્રેસ પર એ આરોપ નાખે કે વિધાનસભા ચૂંટણીમાં તેમને કોઈ મહત્ત્વ નથી અપાતું, પરંતુ તેની અવગણના ન કરી શકાય કે જે પાંચ રાજ્યોમાં ચૂંટણીઓ થવાની છે, ત્યાં આ ઘટક પક્ષોનો કોઈ ઠોસ રાજકીય આધાર નથી. તેઓ કોંગ્રેસ પર ગઠબંધન ધર્મનું પાલન નહિ કરવાનો આરોપ લગાવીને એના પર દબાણ બનાવવાનું જ કામ કરી રહ્યા છે. કદાચ કોંગ્રેસ એમ સમજી રહી છે અને એ જ કારણે તે ઘટક પક્ષના નેતાઓના નિવેદનોની ખાસ પરવા નથી કરી રહી. કોંગ્રેસના વલણથી એ સ્પષ્ટ છે કે તેને ઘટક પક્ષોનું આ સૂચન ગમતું નથી કે તેણે લોકસભા ચૂંટણી બસો-અઢીસો સીટો પર જ લડવી જોઇએ. તેથી તે વિધાનસભા ચૂંટણીઓમાં ઘટક પક્ષો સાથે કોઈ તાલમેલ કરવા તૈયાર નથી. જો કોંગ્રેસ વિધાનસભા ચૂંટણીઓમાં ઘટક પક્ષો સાથે તાલમેલ કરતી તો પોતાની વધીઘટી રાજકીય જમીન ગુમાવવાનું જ કામ કરતી. તેનો જનાધાર એટલે સંકોચાઈ ગયો છે, કારણ કે તે પ્રાદેશિક પક્ષોનો સહયોગ હાંસલ કરવાના ચક્કરમાં પોતાની રાજકીય જમીન તેને હવાલે કરતી ગઈ. આજે કોંગ્રેસ ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ જેવા રાજ્યોમાં ક્યાંય વધુ કમજોર છે તો એટલા માટે કે આ રાજ્યોમાં અસર ધરાવતા પક્ષોએ તેની સાથે ઊભા રહેવાના બહાને તેની રાજકીય જમીન પર કબ્જો કરી લીધો. આમ આદમી પાર્ટીને છોડીને ગઠબંધનના અન્ય ઘટકોએ એ સમજવું પડશે કે તેમનો પ્રભાવ માત્ર તેમના પોતાના રાજ્યો સુધી જ સીમિત છે.

# ફટાકડા પરનો પ્રતિબંધ દિલ્હી પુરતો મર્યાદિત નથી, સમગ્ર દેશ માટે છે: સુપ્રીમ

નવી દિલ્હી,

રાજધાની દિલ્હી સહિતના રાજ્યોમાં પ્રદૂષણમાં સતત વધારો થઈ રહ્યો છે. દિલ્હીમાં પ્રદૂષણ ને ડામવા સરકાર પણ નીત-નવા નિયમોનો અમલ કરાવી રહી છે. ઉપરાંત દેશમાં દિવાળી ટાણે ફટાકડાનું ધમધોકાર વેચાણ થઈ રહ્યું છે અને તેના કારણે પ્રદૂષણમાં પણ વધારો થવાનો છે, ત્યારે ફટાકડા મામલે સુપ્રીમ કોર્ટે પણ કડક વલણ અપનાવ્યું છે.

ફટાકડા પર પ્રતિબંધ લાદવાના કેસમાં સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમે અગાઉ આપેલો આદેશ માત્ર દિલ્હી પૂરતો નથી. અમારો આદેશ આખા દેશમાં ફટાકડા પર પ્રતિબંધ લાદવાનો હતો. તેમણે કહ્યું કે, અમે અમારા જુના આદેશમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધનો મામલો સ્થાનિક સરકારો પર છોડ્યો હતો, પરંતુ હોસ્પિટલ જેવી આરોગ્ય સેવાઓ, સંવેદનશીલ સ્થળો પર ફટાકડા ન ફોડવા તેમજ ફટાકડા ફોડવા માટેનો સમય મર્યાદા નક્કી કરવા માટે કહ્યું હતું. એનસીઆરમાં આવતા રાજસ્થાનના વિસ્તારોમાં દિલ્હી-એનસીઆરના નિયમો લાગુ થશે, એટલે કે ફટાકડા પર પ્રતિબંધ રહેશે. સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆર સહિત દેશભરના અન્ય શહેરોમાં વધતા પ્રદૂષણ કેસની સુનાવણી કરી રહ્યા હતા, ત્યારે ઉપરોક્ત ટિપ્પણી કરી હતી. પંજાબમાં પરાળ સળગાવવા તેમજ દેશના અન્ય રાજ્યોમાં અન્ય કારણોસર વધતા પ્રદૂષણને ધ્યાને રાખી કોર્ટે કહ્યું કે, પ્રદૂષણ રોકવાનું કામ માત્ર કોર્ટનું નથી, આ તમામની જવાબદારી છે, ખાસ કરીને સરકારની સૌથી મોટી જવાબદારી છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં વધતા પ્રદૂષણને ધ્યાને રાખી કહ્યું કે, સરકાર પરાળી સળગાવવાની ઘટનાઓને રોકે, તેઓ કેવી રીતે રોકે છે, તે અમે જાણતા નથી, પરંતુ પંજાબ સરકાર પરાળી સળગાવતા રોકે. કોર્ટે વધુમાં કહ્યું કે, તમે હંમેશા રાજકીય લડાઈ લડતા રહો, તેવું દર વખતે ન હોઈ શકે. સુપ્રીમ કોર્ટે રાજસ્થાન અને અન્ય રાજ્ય સરકારોને પણ અગાઉના આદેશનો અમલ કરવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમારો આદેશ માત્ર એક રાજ્ય અથવા દિલ્હી-એનસીઆર પુરતો સિમીત નથી, આ દેશભરમાં લાગુ છે. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારોની પણ આકરી ઝાટકણી કાઢતા કહ્યું કે, જે રાજ્યોમાં પ્રદૂષણ છે, તેનો સ્થાનિક સ્તરે નિકાલનું આયોજન કરવા રાજ્ય સરકારોને જરુરી પગલા ભરે.

### કેન્દ્ર સરકાર દ્વારા સ્કીમો માટે ફંડ ન જારી કરવા મુદ્દે પ્રહાર

# મારા નામ પર કોઈ સ્ટેડિયમ નથી, મને પ્રચારની જરૂર નથી: મમતા

### મમતા બેનર્જીએ કોઈનું નામ ન લીધું પરંતુ માનવામાં આવી રહ્યું છે કે, તેમણે પીએમ નરેન્દ્ર મોદી પર કટાક્ષ કર્યો



કોલકાતા,

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કેન્દ્ર સરકાર દ્વારા અનેક સ્કીમો માટે ફંડ ન જારી કરવા મુદ્દે ફરી એક વખત પ્રહાર કર્યો છે. તેમણે ભવાનીપુરમાં એક જનસભાને સંબોધિત કરતા કહ્યું કે, મને કોઈ પબ્લિસિટીની જરૂર નથી.

મમતા બેનર્જીએ કહ્યું કે, મારા નામ પર કોઈ સ્ટેડિયમ કે રોડ નથી. મમતા બેનર્જીએ કોઈનું નામ ન લીધું પરંતુ માનવામાં આવી રહ્યું છે કે, તેમણે પીએમ નરેન્દ્ર મોદી પર કટાક્ષ કર્યો છે. તેમણે કહ્યું કે, ગરીબ લોકોને ૧૦૦ દિવસનાકામ બાદ પણ પેમેન્ટ નથી મળી રહ્યું. સીએમએ કહ્યું કે, અમને મનરેગા માટે ફંડ નથી મળી રહ્યું. પીએમ આવાસ અને સડક યોજના માટે પણ કેન્દ્ર સરકાર તરફથી ફંડ અટકેલુ છે. દુર્ગા પૂજાના એક આયોજનમાં તેમણે કહ્યું કે, અમે સદ્ભાવ અને ધાર્મિક એકતાનો સંદેશ આપી રહ્યા છે.

અમે વિભાજનકારી રાજનીતિ નથી કરતા. અહીં કોઈ સાથે પણ ધર્મના આધાર પર ભેદભાવ નથી થતો અને બધાને સાથે લઈને ચાલીએ છીએ. સમગ્ર વિશ્વ વૈશ્વિક ગ્રામ છે. હું મારી જન્મભૂમિને પ્રેમ કરું છું. એટલા માટે હું મોટા ભાગે મૌન રહું છું અને કોઈ પણ નેતા પર અંગત પ્રહાર નથી કરતી. તેમણે કહ્યું કે, આ ધરતી તો સંસ્કૃતિ, એકતા અને સદ્ભાવની છે. આ એ જ ધરતી છે જ્યાંથી આઝાદીનો સંઘર્ષ શરૂ થયો હતો. સીએમએ કહ્યું કે, દેશની આઝાદીના સંઘર્ષમાં બંગાળી અને સીખ સમુદાયે પોતાનું સર્વશ્રેષ્ઠ બલિદાન આપ્યુ હતું. લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા બંગાળમાં ટીએમસીમુશ્કેલીનો સામનો કરી રહી છે. એક બાજુ રાશન કૌભાંડના આરોપમાં જ્યોતિપ્રિય મલિકને ઈડીએ અરેસ્ટ કરી લીધા છે તો બીજી તરફ મહુઆ મોઈત્રા વિરુદ્ધ સંસદીય સમિતિ તપાસ કરી રહી છે તેમના પર પૈસા લઈને સવાલ પૂછવાનો આરોપ લાગ્યો છે. આ ઉપરાંત મમતા બેનર્જીના ભત્રીજા એભિષેક બેનર્જી વિરુદ્ધ પણ ઈડીની તપાસ ચાલી રહી છે અને તેમની પૂછપરછ પણ કરવામાં આવી ચૂકી છે. આ ઉપરાંત બીજા પણ કેટલાક મંત્રીની ધરપકડ થઈ ચૂકી છે. આવી સ્થિતિમાં ભ્રષ્ટાચારના મામલે ઘેરાયેલી TMC શું રણનીતિ અપનાવશે તો જાવા જેવું હશે.

### દેશના મુખ્ય માહિતી કમિશનર તરીકે હીરાલાલ સામરિયા નિયુક્ત

# સીઆઈસીની નિમણૂંકમાં અંધારામાં રખાયો હોવાનો અધિર રંજનનો આક્ષેપ

## અધિર રંજને રાષ્ટ્રપતિને એક પત્ર લખ્યો છે કે માહિતી કમિશનરની પંસદગી વિશે ન તો કંઈ કહ્યું કે ન તો મારી સલાહ લેવામાં આવી



નવી દિલ્હી,

દેશના મુખ્ય માહિતી કમિશનર તરીકે હીરાલાલ સામરિયા ને નિયુક્ત કરવામાં આવ્યા છે તેમણે ગઈકાલે કેન્દ્રિય માહિતી આયોગ (સીઆઈસી)ના વડા તરીકે શપથ લીધા હતા. જો કે તેમની નિમણૂકને લઈને પણ વિવાદ ઉભો થયો છે અને કોંગ્રેસના સાંસદએ નારાજગી વ્યક્ત કરતા રાષ્ટ્રપતિને પત્ર લખ્યો હતો અને જણાવ્યું હતું કે આ નિમણૂકને લઈને મને અંધારામાં રાખવામાં આવ્યો હતો.

દેશના રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ ગઈકાલે રાષ્ટ્રપતિ ભવનમાં એક સમારોહ દરમિયાન ૬૩ વર્ષીય હીરાલાલ સામરિયાને કેન્દ્રીય માહિતી આયોગના વડા તરીકે શપથ લેવડાવ્યા હતા. આ મહત્વપૂર્ણ પદ મેળવનારા હરીલાલ સામરિયા દલિત સમુદાયના પ્રથમ વ્યક્તિ છે જો કે તેની નિમણૂકને લઈને હવે વિવાદ ઉભો થયો છે. માહિત કમિશનરની નિમણૂક કરનાર સમિતિના સભ્ય અને કોંગ્રેસના સાંસદ અધીર રંજને ચૌધરીએ આ નિમણૂકને લઈને નારાજગી વ્યક્ત કરી છે અને તેમણે રાષ્ટ્રપતિને એક પત્ર લખ્યો છે કે માહિતી કમિશનરની પંસદગી વિશે ન તો કંઈ કહ્યું કે ન તો મારી સલાહ લેવામાં આવી. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે નિમણૂકને લઈને મને સંપૂર્ણપણે અંધારામાં રાખવામાં આવ્યો હતો. અધીર રંજન ચૌધરીએ પોતાના પત્રમાં લખ્યું છે કે આ ખૂબ જ દુઃખની વાત છે. હું ભારે હદય સાથે લખી રહ્યો છું કે મુખ્ય માહિતી કમિશનરની નિમણૂક મામલે તમામ લોકતાંત્રિક ધોરણો, નિયમો તેમજ પ્રક્રિયાને બાજુ પર રાખવામાં આવી હતી. આ સિવાય તેમણે કહ્યું કે સરકારે ન તો તેમની સલાહ લીધી અને ન તો પસંદગી અંગેની જાણ કરી. ઉલ્લેખનીય છે કે માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ મુજબ CIC અને માહિતી કમિશનરોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા વડા પ્રધાનની અધ્યક્ષતામાં અને લોકસભામાં વિપક્ષના નેતાની બનેલી સમિતિની ભલામણ પર કરવામાં આવે છે. આ સમિતિમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને વડાપ્રધાન દ્વારા નામાંકિત કેન્દ્રીય મંત્રીનો સમાવેશ થાય છે.

# કેજરીવાલ પત્નીને મુખ્યમંત્રી બનાવવા માગે છે : સિરસા

નવી દિલ્હી,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ લીકર પોલિસી કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સમન્સ પાઠવ્યા બાદ રાજકારણ ગરમાવ્યું છે. આમ આદમી પાર્ટી પણ તેમની ધરપકડ થવાની આશંકા વ્યક્ત કરી રહી છે. પાર્ટી એ વિચારવામાં વ્યસ્ત થઈ ગઈ છે, જો કેજરીવાલની ધરપકડ થાય તો તેમણે રાજીનામું આપવું જોઈએ કે જેલમાંથી જ સરકાર ચલાવવી જોઈએ ? ત્યારે આ તમામ આશંકાઓ વચ્ચે ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતાઓ ચોંકાવનારો દાવો કર્યો છે.

ભાજપના રાષ્ટ્રીય સચિવ મનજિંદર સિંહ સિરસાએ આક્ષેપ કર્યો છે કે, કેજરીવાલ પત્નીને મુખ્યમંત્રી બનાવવા ઈચ્છે છે. લિકર પોલિસી કેસમાં શરૂઆતથી જ ફરિયાદકર્તાઓમાં સામેલ સિરસાએ દાવો કરતાં કહ્યું કે, આમ આદમી પાર્ટીના જ એક નેતાએ તેમને આ માહિતી આપી છે. સિરસાએ એજન્સી સાથેની વાતચીતમાં એવો પણ દાવો કર્યો છે કે, ધારાસભ્યોનો ઈક્કાર છતાં કેજરીવાલ જનમત સંગ્રહ કરવા જઈ રહ્યા છે. તેમણે કહ્યું કે, જનમત સંગ્રહ બાદ કેજરીવાલ પત્નીને મુખ્યમંત્રી બનાવશે. સિરસાએ કહ્યું કે, 'અરવિંદ કેજરીવાલે ગઈકાલે ધારાસભ્યો સાથે બેઠક યોજી અને કહ્યું કે, ધરપકડ થયા બાદ હું તિહાર જેલમાંથી સરકાર ચલાવીશ. કેજરીવાલને અગાઉથી જ જાણ હતી કે, જે પુરાવા આવ્યા છે, તેમાં ૩૫૦ કરોડ રૂપિયાથી વધુનું મની ટ્રેલ છે. સુપ્રીમ કોર્ટે પણ તેનો ઉલ્લેખ કર્યો છે અને સિસોદિયાને પણ જામીન આપ્યા નથી. કેજરીવાલે જે નાણાંની લેવડ-દેવડ કરી છે, ખાસ કરીને તેમણે પોતાનું શીશમહેલ બનાવવાનું કામ કર્યું, તેમણે જાણ છે કે, તેઓ જેલ જશે.' સિરસાએ વધુમાં કહ્યું કે, 'મેં અગાઉ કહ્યું હતું કે, કેજરીવાલ ઈડીસમક્ષ હાજર નહીં થાય, કારણ કે તેઓ તેમની ધર્મપત્ની સુનીતા કેજરીવાલને મુખ્યમંત્રી બનાવવા ધારાસભ્યોને મનાવવા માંગે છે. ગઈકાલે કેજરીવાલ દ્વારા યોજાયેલી બેઠકમાં આ સ્પષ્ટ થઈ ગયું છે. આપના એક વરિષ્ઠ નેતાએ મને કહ્યું કે, તમામ ધારાસભ્યોએ ઈક્કાર કરી દીધો છે, તેઓએ કહ્યું કે, જો તમારી પત્નીને બનાવશો, અગાઉથી જ ભ્રષ્ટાચારનો દાગ લાગ્યો છે, ત્યારબાદ તમારા શીખમહેલ, અને હવે પરિવારવાદ બચ્યું છે, આ કરશો તો બરબાદ થઈ જશો.

# ઈઝરાયેલ-હમાસ યુધ્ધનો મૃત્યુઆંક ૧૧ હજારને વટાવી ગયો

જેરૂસલેમ,

ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લાં ૩૦ દિવસથી ઘમસાણ યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. એક મહિનાના યુદ્ધમાં ગાઝાના ઘણા વિસ્તારો ખંડેર બન્યા છે. આ યુદ્ધમાં મૃત્યુઆંક ૧૧ હજારને વટાવી ગયો છે. ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલના હુમલામાં અત્યાર સુધીમાં ૧૦,૦૨૨ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. તેમાં ૪૧૦૦ થી વધુ બાળકો છે. સંયુક્ત રાષ્ટ્રએ ટિપ્પણી કરી કે ગાઝા બાળકો માટે કબ્રસ્તાન બની રહ્યું છે. તે જ સમયે, હમાસના હુમલામાં ૧,૪૦૦ થી વધુ ઈઝરાયેલ લોકોએ જીવ ગુમાવ્યો છે. ઉપરાંત આ યુદ્ધના કારણે અત્યાર સુધીમાં ૧૫ લાખ લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે. સંયુક્ત રાષ્ટ્રએ ટિપ્પણી કરી કે ગાઝા બાળકો માટે કબ્રસ્તાન બની રહ્યું છે.ઈઝરાયલી સૈન્યના પ્રવક્તા ડેનિયલ હગારીએ કહ્યું કે ગાઝા નોર્થ ગાઝા અને સાઉથ ગાઝા એમ બે ભાગમાં વિભાજિત થઈ ગયું છે. ઈઝરાયલે તેને યુદ્ધનો મહત્ત્વપૂર્ણ તબક્કો ગણાવ્યો છે. ઈઝરાયલી મીડિયા અનુસાર આગામી ૪૮ કલાકમાં ઈઝરાયલી સૈનિકો ગાઝા શહેરમાં પ્રવેશી શકે છે. બે દિવસ પહેલા નોર્થ ગાઝામાં જોરદાર બોમ્બમારો કરાયો હતો. ગાઝામાં ત્રીજી વખત કનેક્ટિવિટી બંધ કરી દેવામાં આવી હતી. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે દાવો કર્યો છે કે, છેલ્લા ૨૪ કલાકમાં હમાસના ૪૫૦થી વધુ ઠેકાણાઓને ધ્વસ્ત કરી દીધા છે. જેમાં ટેરેરિસ્ટ કેમ્પ, મિલિટ્રી કમ્પાઉન્ડ, ઓબ્ઝર્વેશન પોસ્ટ અને એન્ટી ટેક મિસાઈલ લોન્ચ પોસ્ટ સામેલ છે. ઈઝરાયલી સેનાએ હમાસના કેટલાક મિલિટ્રી કમ્પાઉન્ડ પર કબજો કરી લીધો છે, જ્યાં આતંકવાદીઓને ટ્રેનિંગ આપવામાં આવે છે.

### હમાસ અને ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધને એક મહિનો પૂર્ણ

# પેલેસ્ટાઈન સમર્થકોનો તુર્કીમાં અમેરિકી જવાનોની છાવણી પર હુમલો

વોશિંગ્ટન,

હમાસ અને ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધને એક મહિનો પૂર્ણ થઈ ગયો છે. દુનિયાભરમાં આ યુદ્ધના વિરોધમાં અને શાંતિ માટે લાખો લોકો રસ્તા પર ઉતરી રહ્યા છે. ઈઝરાયેલને સમર્થનના વિરોધમાં અમેરિકામાં અને બહાર પણ પણ લોકો પ્રદર્શન કરી રહ્યા છે. અમેરિકાના વિદેશ મંત્રી એંટની બ્લિંકન અંકારા પહોંચ્યા તે પહેલા પેલેસ્ટાઈનના સમર્થકોએ રેલી કરીને અમેરિકી જવાનોના નિવાસસ્થાનોને ઘેરી લીધા હતા. તુર્કી પોલીસે બાદમાં લોકોએ વિખેરવા આંસુ ગેસ અને પાણીનો પ્રયોગ કર્યો હતો.

ગાઝાની હોસ્પિટલો, નાગરિકો, રહેણાંકી વિસ્તાર સહિતની ઈમારતો પર ઈઝરાયેલ દ્વારા હુમલા થઈ રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે તુર્કીએ આ હુમલાઓનો ઉગ્ર વિરોધ કર્યો છે. વિરોધ પ્રદર્શન કરી રહેલા પેલેસ્ટાઈન સમર્થકોએ અમેરિકી જવાનોના રહેણાંકી વિસ્તારને ઘેરી લીધો હતો. આ જ પ્રકારનું વિરોધ પ્રદર્શન દાગિસ્તાનમાં પણ જોવા મળ્યું હતું. રશિયાના દાગિસ્તાન પ્રાંતમાં હજારોની સંખ્યામાં એકઠા થઈને અખાચવાલા એરપોર્ટ પર હલ્લાબોલ કર્યો હતો. તેલ અવીવથી વિમાન આવી રહ્યું હોવાની જાણકારી મળ્યા બાદ આ વિરોધ પ્રદર્શન કરાયા હતા. હાલ વિશ્વના અનેક દેશોમાં ઈઝરાયેલ ગાઝા પર હુમલા રોકે અને હમાસ-ઈઝરાયેલ યુદ્ધ વિરામ કે શાંતિ માટે લોકો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

બ્રિટનના લંડનમાં આવેલી ઓક્સફર્ડ સર્કસ વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો ધરણા પર બેસી ગયા હતા, લોકોના હાથમાં ફ્રીડમ ફોર પેલેસ્ટાઈનના પોસ્ટરો પણ હતા. સાથે જ તાત્કાલીક સીઝ ફાયરનો અમલ કરો તેવી પણ માગ કરતા પોસ્ટરો જોવા મળ્યા હતા. લંડન મેટ્રોપોલિટન પોલીસના દાવા મુજબ ૩૦ હજાર લોકો એકઠા થયા હતા. ફ્રાંસમાં મધ્ય પેરિસમાં હિંસાની સાઈકલ અટકાવો, સીઝ ફાયર લાગુ કરોની માગ સાથે લોકો રસ્તા પર ઉતર્યા હતા. જર્મનીના બર્લિનમાં આશરે ૬૫૦૦ લોકો શાંતિ માટે એકઠા થયા હતા, અહીંયા પેલેસ્ટાઈનના સમર્થનમાં રેલીઓ પર અગાઉ પ્રતિબંધ મુકાયો હતો.

તેવી જ રીતે ઈટાલીમાં મિલાનમાં ૪ હજાર લોકો એકઠા થયા હતા, સેનેગલ, તુર્કીમાં પણ લોકોએ પ્રદર્શન કર્યા હતા, અમેરિકામાં રાજધાની વોશિંગ્ટનમાં અનેક વખત નાના મોટા વિરોધ પ્રદર્શન થઈ ચુક્યા છે. સાતમી ઓક્ટોબરના હમાસનાઆતંકીઓએ ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો જ્યાંથી આ યુદ્ધની ફરી શરૂઆત થઈ હતી, જે બાદ ઈઝરાયેલ દ્વારા ગાઝા પટ્ટીમાં કરાયેલા હુમલામાં ૧૦ હજારથી વધુ લોકો માર્યા ગયા છે. હજુ પણ ઈઝરાયેલ દ્વારા હુમલા કરવામાં આવી રહ્યા છે. યુદ્ધને સાતમીએ એક મહિનો પૂર્ણ થવા જઈ રહ્યો છે. આ સ્થિતિ વચ્ચે વિશ્વભરમાં અનેક દેશોમાં લોકો શાંતિની અપીલ સાથે રેલીઓ યોજી રહ્યા છે.



દિવાળીમાં ઘર પાસે રંગોળી પુરવા માટે રંગની ખરીદી કરી રહેલ લોકો

# આવનાર દિવાળી વચ્ચે આવી કમોસમી વરસાદની આગાહી

અમદાવાદ,

તૈયાર રહેજો, ગુજરાતમાં આજથી વાતાવરણ પલટાવા જઈ રહ્યું છે. ઠંડી ગરમીની બેવડી ઋતુ વચ્ચે વરસાદનું આગમન થશે. જોકે, શિયાળામાં આવનાર આ વરસાદ કમોસમી વરસાદ બની રહેશે. આજથી દિવાળીના પાવન પર્વની શરૂઆત થઈ ગઈ છે. લોકોએ ઉત્સવની ઉજવણીની શરૂઆત કરી દીધી છે.

કેટલાક ફરવાના પ્લાન બનાવ્યા છે, આવામાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં વાતાવરણમાં પલટો આવશે, અને કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. આજથી પાંચ દિવસ ગુજરાતમાં કમોસમી વરસાદનો માહોલ રહી શકે છે. આ પાંચ દિવસોમાં ક્યાંકને ક્યાંક છુટાછવાયા તથા હળવા વરસાદની આગાહી છે. ત્યારે આ ૮ થી ૧૧નું આ સેશન ગુજરાતના ખેડૂતો માટે ચિંતાજનક હશે. ૮થી ૧૧ નવેમ્બર દરમિયાન ગુજરાતના કેટલાક વિસ્તારોમાં માવઠાની શક્યતા રહેલી છે. આ માવઠાથી દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ અને સૌરાષ્ટ્રના દરિયાકિનારાના જિલ્લાઓ સૌથી વધુ પ્રભાવિત થશે. આ સાથે તેમણે રાજ્યના કયા કયા વિસ્તારોમાં માવઠું થશે તે અંગે જણાવતા કહ્યુ છે કે, સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ અને પોરબંદરના અમુક વિસ્તારો હશે તે વધારે પ્રભાવિત થઈ શકે છે. આ સાથે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમં માવઠાની તીવ્રતા વધારે રહેશે. આ વિસ્તારોમાં છૂટાછવાયા અને હળવા માવઠા થશે. હવામાન વિભાગ દ્વારા ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં જેમકે અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી અને સાબરકાંઠા તથા સૌરાષ્ટ્રના જિલ્લાઓ પોરબંદર, દ્વારકા, જૂનાગઢ અને રાજકોટમાં છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની સંભાવના છે. ઉત્તર ગુજરાતની વાત કરીએ તો ત્યાં બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં વધારે પડતા ઘાટ્ટા વાદળો જોવા મળશે અને ક્યાંક ક્યાંક સામાન્ય વરસાદ થવાની શક્યતા છે. હાલ રાજ્યમાં રાત દરમિયાન ઠંડી હોય છે. પરંતું તમને જણાવી દઈ કે, હાલ ગુજરાતનું વડોદરા શહેર સૌથી ઠંડુ શહેર બન્યું છે. તો હવામાન વિભાગની ઠંડીને લઈને આગાહી કરતા જણાવ્યું કે, રાજ્યમાં આગામી ૫ દિવસ વરસાદની શકયતા નહિવત છે. આગામી પાંચ દિવસ રાજ્યમાં વાતાવરણ સૂકું રહેશે. તેમજ તાપમાન યથાવત રહેશે. જોકે ૧ કે ૨ ડિગ્રી ફરક આવી શકે છે. હાલમાં રાત્રે ૨૦ ડિગ્રી, જ્યારે કે દિવસે ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે. રાતે સૌથી ઓછું વડોદરામાં૧૮ ડિગ્રી તાપમાન રહ્યું છે. અમદાવાદમાં રાતે ૨૦ ડિગ્રી જ્યારે ગાંધીનગરમાં રાતે ૧૮.૫ ડિગ્રી તાપમાન રહ્યું છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડો.મનોરમા મોહંતીએ જણાવ્યું કે, હાલ નવેમ્બરમાં તો એટલી ઠંડી નહિ અનુભવાય, પરંતું ડિસેમ્બરમાં ઠંડી લાગી શકે છે.

# દિલ્હીની કંપનીએ ગ્રાહકને નકલી ફેસવોશ પધરાવી દીધુ

રાજકોટ,

રાજ્યમાં આજકાલ નકલી ચીજવસ્તુઓની ભરમાર હોય તેવુ ચિત્ર સામે આવી રહ્યુ છે. નકલી માવો, નકલી ઘી, નકલી દવા, નકલી જંતુનાશક દવા, નકલી ઈનો સહિત ચારેબાજુ જાણે નકલી ચીજવસ્તુઓની ભરમાર જોવા મળી રહી છે.

આ ભેળસેળિયા તત્વોને સરકારનો જરાય ડર ન રહ્યો હોય તેમ ખુલ્લેઆમ મિલાવટ થઈ રહી છે. આ સિલસિલો અહીં જ નથી અટકતો ઓનલાઈન ખરીદીમાં નકલી વસ્તુ પધરાવી દેવામાં આવતી હોય છે. જે લોકો આજકાલ ઓનલાઈન ખરીદી કરી રહ્યા છે. તેમણે ચેતવાની જરૂર છે કારણ કે રાજકોટની એક ફાર્મા કંપની દ્વારા તૈયાર કરવામાં આવતા ફેસવોશના કોપીરાઈટની ચોરી કરીને દિલ્હીની એક કંપની દ્વારા છેતરપિંડી કરવામાં આવતી હોવાની ફરિયાદ રાજકોટના માલવિયા નગર પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી છે. રાજકોટના રૈયારોડ વિસ્તારમાં રહેતા અને યુ.બી.સોલ્યુસન્સ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની ધરાવતા અજય વંજાણીએ આ ફરિયાદ નોંધાવી છે. જેમાં ઉલ્લેખ કરાયો છે કે કાલાવડ રોડ પર આવેલ યુ.બી.સોલ્યુસન્સ પ્રા.લી.માં તેઓ એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર છે.

# ૧૦ નવેમ્બરે ૧૭ જિલ્લામાં ભોજન વિતરણ કેન્દ્રનો પ્રારંભ થશે

અમદાવાદ,

આગામી તા. ૧૦મી નવેમ્બરે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ અમદાવાદમાં ૪૯, સુરતમાં ૨૨, ગાંધીનગરમાં ૮, વડોદરામાં ૯, ભાવનગરમાં ૨, જામનગરમાં ૧૦, ભરૂચમાં ૩, મહેસાણા અને રાજકોટમાં ૫-૫, ખેડા, આણંદ, વલસાડ અને સાબરકાંઠામાં ૪-૪, પાટણ અને બનાસકાંઠામાં ૭-૭, નવસારી અને મોરબીમાં ૬-૬ કડીયાનાકા મળી કુલ ૧૭ જિલ્લામાં નવા ૧૫૫ ભોજન વિતરણ કેન્દ્રોનો શુભારંભ થશે, જેનો દરરોજ ૭૫ હજારથી વધુ શ્રમિકોને લાભ મળશે.

રાજ્યમાં અત્યારે ૧૦ જિલ્લાના કુલ ૧૧૮ કડીયાનાકા ખાતે ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે. છેલ્લા એક વર્ષમાં આ ભોજન વિતરણ કેન્દ્રો ખાતેથી ૫૫ લાખથી પણ વધારે ભોજન વિતરણ થયું છે. અહીંથી સરેરાશે દરરોજ ૨૭ હજાર કરતાં વધારે ભોજન વિતરણ થાય છે. જે માટે વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ માં કુલ રૂ. ૨૫૦૨ લાખ કરતાં વધારેનો ખર્ચ થયો છે. ત્યારે હવે નવા ૧૫૫ ભોજન વિતરણ કેન્દ્રોનો શુભારંભ થતા રાજ્યમાં કુલ ૨૭૩ કડીયાનાકાઓ ખાતેથી શ્રમિક પરિવારને પાંચ રૂપિયામાં પૌષ્ટિક ભોજનનો લાભ મળશે. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ ઝડપી પહોંચાડવા માટે રાજ્ય સરકાર દ્વારા ૬.૯૪ લાખ બાંધકામ શ્રમિકોને ઈ-નિર્માણ કાર્ડ આપવામાં આવ્યા છે, જેમાં આરોગ્ય, રહેઠાણ, શિક્ષણ, પરિવહન તથા સામાજિક સુરક્ષા સંબંધિત ૧૭ યોજનાઓ કાર્યરત છે. શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ પણ ઈ-નિર્માણ કાર્ડ ધારક શ્રમિકોને આપવામાં આવે છે.

# મહેસાણા જિલ્લાના કડીમાંથી MD ડ્રગ્સ ઝડપાયુ

મહેસાણા,

મહેસાણાના કડીમાંથી દરોડો પાડીને નશાનો કારોબાર ઝડપી લેવામાં આવ્યો છે. કડી પોલીસે આરોપી ઈમરાનશા ફકીર પાસેથી ૭૧ ગ્રામ જેટલુ એમડી ડ્રગ્સ ઝડપી લીધુ છે. આરોપી ઈમરાન પડીકીના સ્વરુપ ડ્રગ્સને લોકલમાં વેચતો હતો. કડી પોલીસે આરોપીને ઝડપી લઈને હવે ડ્રગ્સ ક્યાંથી અને કેવી રીતે મંગાવ્યુ એ દિશામાં તપાસ શરુ કરી છે. પોલીસે આરોપીને ઝડપી લઈને પૂછપરછ હાથ ધરી છે.મહેસાણા જિલ્લાના કડીમાંથી ડ્રગ્સ ઝડપાયુ છે. કડીમાં ચાલતા નશાના કારોબારને લઈ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.બાતમીને આધારે કડીમાં આવેલા કસ્બાના છીપવાડા વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જે દરમિયાન એક શખ્શ પાસેથી ૭ લાખ રુપિયાની કિંમતનુ એમડી ડ્રગ્સ ઝડપાયુ છે.કડીના છીપવાડા વિસ્તારમાં દરોડો પાડીને ઈમરાનશા ફકીરની ડ્રગ્સના જથ્થા સાથે ધરપકડ કરી છે. પોલીસે ૭૧ ગ્રામ જેટલુ એમડી ડ્રગ્સ ઝડપી લીધુ છે. આરોપી ઈમરાનશા પડીકીના સ્વરુપમાં ડ્રગ્સનુ વેચાણ કરતો હતો. પ્રતિ પડીકી દીઠ રુપિયા ૧૦ હજાર વસુલતો હતો.

### રામ મંદિરની આબેહૂબ પ્રતિકૃતિના કરો દર્શન

# સુરતમાં રામ દરબારની થીમ પર વિશાળ ૩૫૦૦ ફૂટની રંગોળી સજાવી

સુરત,

દિવાળી એટલે પ્રકાશનો પર્વ૫ દશેરાએ રાવણનો વધ કરી ભગવાન શ્રી રામ દિવાળીના દિવસે અયોધ્યા પહોંચ્યા હતા. દિવાળીના પર્વએ અયોધ્યા સ્થિત રામમંદિર અચૂક ધ્યાનમાં આવે છે. દિવાળી પર્વને લઈને સુરતીઓમાં પણ નહેરો ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. સુરતમાં આવેલા અગ્રવાલ વિકાસ ટ્રસ્ટની યુવા શાખાએ રામ દરબારની થીમ પર વિશાળ ૩૫૦૦ ફૂટની રંગોળી સજાવી છે. આ વિશાળ રંગોળી રામભક્તોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

આ રંગોળી ખુબ બારીક માહિતીને સમાવવાના પ્રયાસ સાથે તૈયાર કરવામાં આવી છે જે દિવાળી સુધી લોકોને દર્શનનો લાભ આપશે. અયોધ્યાના રામ મંદિરની આબેહૂબ પ્રતિકૃતિની ઝલક આ રંગોળીમાં જોવા મળી રહી છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya